નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની જુનીયર ક્લાર્ક (વર્ગ-૩) સંવર્ગની હંગામી જગ્યાઓને કાયમી જગ્યામાં રૂપાંતરિત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2026/1519/A Section
સચિવાલય, ગાંધીનગર.
તા:e-sign મુજબ

વંચાણે લીધા:

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૦૫/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/2104/A Section

૨. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૦૫/૦૬/૨૦૨૬નો પત્રાંક: DDCW/ADMIN/e-file/225/2024/0069/Administrative

આમુખ:

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ હેઠળ જુનીયર ક્લાર્ક (વર્ગ-૩) સંવર્ગની ૩૨ હંગામી જગ્યાઓને કાયમી કરવામાં આવેલ છે. જ્યારે આ સંવર્ગની અન્ય હંગામી જગ્યાઓને વખતો વખત ચાલુ રાખવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી આ સંવર્ગની કેડર સ્ટ્રેંથ ૧૭૩ નિયત કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના પત્રથી આ સંવર્ગની ૧૪૧ હંગામી જગ્યાઓ પૈકી વધુ ૨૧ જગ્યાઓને કાયમી જગ્યામાં રૂપાંતરીત કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ, જે અન્વયે જુનીયર ક્લાર્ક (વર્ગ-૩) સંવર્ગની જગ્યાઓને કાયમી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ હેઠળના જુનીયર ક્લાર્ક (વર્ગ-૩) સંવર્ગની ૨૧ હંગામી જગ્યાઓને કાયમી જગ્યામાં રૂપાંતરીત કરવાનું આથી ઠરાવવામાં આવે છે. સદર ૨૧ જગ્યાઓનું વિગત દર્શક પરિશિષ્ટ આ સાથે સામેલ છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સક્ષમ કક્ષાએ તા.૩૧/૦૭/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sd/-
(સમીર ગરાસિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

બિડાણ:- પરિશિષ્ટ

નકલ રવાના:-

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૩ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ)

નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર

સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ સદર ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ...

શાખા સિલેક્ટ ફાઇલ - ૨૦૨૬

નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ - ૨૦૨૬

Signature Not Verified
Signed by:Samir Garasia
Section Officer
Date:2026.08.05
17:21:47 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign